# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-02-2026** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : TUESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

**************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મહારાષ્ટ્ર , ઝારખંડ અને રાજસ્થાનની ચાર દિવસની મુલાકાતે જશે

**2)** ચૂંટણી પંચ આજે ECI અને રાજ્ય ચૂંટણી કમિશનરોની રાષ્ટ્રીય ગોળમેજી પરિષદનું આયોજન કરશે.

**3)** નાણામંત્રી નિર્મલા સીતારમણે એસેટ મુદ્રિકરણ વર્ષ 2025 30ના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો

**4)** ઝારખંડમાં, એર એમ્બ્યુલન્સ દુર્ઘટનાગ્રસ્ત થતા સાત લોકોના મોત

**5)** મારુ ભારત બજેટ ક્વિઝમાં દેશભર માંથી 11 લાખ યુવાઓએ નોંધણી કરાવી

**6)** ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, વેસ્ટ ઇન્ડીઝે ઝિમ્બાબ્વેને 107 રનથી હરાવ્યું

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## PRESIDENTE DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મહારાષ્ટ્ર , ઝારખંડ અને રાજસ્થાનની ચાર દિવસની મુલાકાતે જશે. શ્રી મૂર્મું આજે મુંબઈના લોક ભવન ખાતે પીડી હિન્દુજા હોસ્પિટલ દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી અભિયાન 'જીવન બચાવો અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરો'નું ઉદ્ઘાટન કરશે.

આવતીકાલે રાષ્ટ્રપતિ બુલઢાણાના શેગાંવ ખાતે કેન્દ્રીય આયુષ મંત્રાલય દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય આરોગ્ય મેળો 2026 ' માં હાજરી આપશે. તેઓ બુધવારે નાગપુરમાં બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત 'એકતા અને ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના સુવર્ણ યુગ' ના રાજ્ય સ્તરના ઉદ્ઘાટનમાં પણ હાજરી આપશે.

રાષ્ટ્રપતિ ગુરુવારે ઝારખંડના જમશેદપુરમાં શ્રી જગન્નાથ મંદિરના ભૂમિપૂજન સમારોહમાં ભાગ લેશે. તેઓ જમશેદપુરની મણિપાલ ટાટા મેડિકલ કોલેજની પણ મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે. શુક્રવારે , રાષ્ટ્રપતિ રાજસ્થાનના પોખરણમાં ભૂતપૂર્વ વાયુશક્તિના નિહાળશે.

. . . . . . . . . . . . . . . . . .

## NATIONAL ROUND TABLE CONFERENCE

ચૂંટણી પંચ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ECI અને રાજ્ય ચૂંટણી કમિશનરોની રાષ્ટ્રીય ગોળમેજી પરિષદનું આયોજન કરશે.

આ ગોળમેજી પરિષદ ૨૭ વર્ષના અંતરાલ પછી યોજાઈ રહી છે. છેલ્લી પરિષદ ૧૯૯૯માં યોજાઈ હતી. આ ગોળમેજી પરિષદની અધ્યક્ષતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીની હાજરીમાં કરશે.

તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્ય ચૂંટણી કમિશનરો તેમના કાનૂની અને તકનીકી નિષ્ણાતો સાથે ભાગ લેશે. આ ઉપરાંત , તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ પણ આ પરિષદમાં હાજરી આપશે.

(બાઈટ – આનંદ, ECI)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FINANCE MINISTER NIRMALA SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રાલયો અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓના સંપત્તિ મુદ્રીકરણ પાઇપલાઇનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે.

કેન્દ્રીય બજેટ 2025-26 માં જાહેર કરાયેલ 'એસેટ મુદ્રીકરણ યોજના 2025-30' માટેના આદેશના આધારે, નીતિ આયોગ દ્વારા માળખાગત સુવિધાઓ મંત્રાલયો સાથે પરામર્શ કરીને પાઇપલાઇનનો બીજો તબક્કો વિકસાવવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઇપલાઇન 2.0 નાણાકીય વર્ષ 2025-26 થી નાણાકીય વર્ષ 2029-30 સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કેન્દ્રીય મંત્રાલયો અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓના સંપત્તિ મુદ્રીકરણ પાઇપલાઇન હેઠળ 5.8 લાખ કરોડ રૂપિયાના ખાનગી ક્ષેત્રના રોકાણ સહિત 16.72 લાખ કરોડ રૂપિયાની કુલ મુદ્રીકરણ ક્ષમતાનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JHARKHAND-CRASH

ઝારખંડમાં, ગઈકાલે સાંજે ચતરા જિલ્લાના સિમરિયા નજીક રાંચીથી દિલ્હી જઈ રહેલા એક એર એમ્બ્યુલન્સ દુર્ઘટનાગ્રસ્ત થઈ, જેમાં સવાર તમામ સાત લોકોના મોત થયા હતા. રેડબર્ડ એરવેઝ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંચાલિત વિમાને સાંજે 7.11 વાગ્યે રાંચી હવાઈમથકથી ઉડાન ભરી હતી તેના થોડા સમય પછી જ આ દુર્ઘટના સર્જાઈ હતી. ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર, તમામ સાત લોકોના મૃતદેહ મળી આવ્યા છે. તેમની ઓળખ કેપ્ટન વિવેક વિકાસ ભગત, કેપ્ટન સવરાજદીપ સિંહ, સંજય કુમાર, ડૉ. વિકાસ કુમાર ગુપ્તા, સચિન કુમાર મિશ્રા, અર્ચના દેવી અને ધૂરુ કુમાર તરીકે થઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MY BHARAT BUDGET QUEST 2026

MY Bharat પોર્ટલ પર 3 ફેબ્રુઆરીથી 22 ફેબ્રુઆરી દરમિયાન આયોજિત MY Bharat Budget Quest 2026 ક્વિઝમાં સમગ્ર ભારત માંથી 11 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાએ સૌથી વધુ યુવાનોએ ભાગ લીધો છે

આ પહેલનો હેતુ યુવા નાગરિકોમાં કેન્દ્રીય બજેટ પ્રત્યે જાગૃતિ અને સમજણને પ્રોત્સાહન આપવાનો છે.

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાએ MY Bharat Budget Quest 2026 ક્વિઝમાં દેશભરમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, જિલ્લામાંથી કુલ 14 હજાર 402 યુવાનોએ રાષ્ટ્રીય સ્તરની ઓનલાઈન સ્પર્ધામાં ભાગ લીધો હતો. નવી દિલ્હીએ 11 હજાર 97 સાથે બીજા ક્રમે , જ્યારે પૂર્વ દિલ્હી 8 હજાર 307 સાથે ત્રીજા ક્રમે રહ્યો હતો.

ક્વિઝ ક્વોલિફાયર હવે નિબંધ રાઉન્ડમાં આગળ વધશે અને પસંદ કરાયેલા ઉમેદવારોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરવાની તક મળશે. સરહદી જિલ્લો, રાજૌરીની સિદ્ધિ , રાષ્ટ્રીય પહેલોમાં તેના યુવાનોના ઉત્સાહ અને સક્રિય જોડાણને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PRAHAAR

ગૃહ મંત્રાલયે દેશની નવી રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચનાનું PRAHAAR નું અનાવરણ કર્યું હતું.

આ પ્રહાર વ્યૂહરચના આતંકવાદી જોખમોને રોકવા - તેનો સામનો કરવા માટે સક્રિય અભિગમનો ઉપયોગઈ નીવડશે. PRAHAAR એટલે ભારતીય નાગરિકો અને હિતોનું રક્ષણ કરવા માટે આતંકવાદી હુમલાઓને અટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

સાંભળીએ એક અહેવાલ

(બાઈટ = આનંદ કુમાર –પ્રહાર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN - ADVISORY

ઇરાનના તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને ફ્લાઇટ્સ સહિત ઉપલબ્ધ પરિવહન માધ્યમો દ્વારા દેશ છોડવા વિનંતી કરી છે.

દૂતાવાસે આ વર્ષે 14 જાન્યુઆરીએ જારી કરેલી સલાહને ફરીથી દોહરવી હતી કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે

(બાઇટ –જયા ભારતી –ઈરાન)

તમામ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના લોકોએ સાવચેતી રાખવી જોઈએ, વિરોધ પ્રદર્શન અથવા પ્રદર્શનોના ક્ષેત્રોથી દૂર રહેવું જોઈએ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ISRAEL-AMBASSADOR

ઇઝરાયેલના ભારતીય રાજદૂત જે પી સિંહે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી ઇઝરાયલ મુલાકાતને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

જેરુસલેમમાં આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા શ્રી સિંહે કહ્યું કે , તેમના ઇઝરાયલી સમકક્ષ બેન્જામિન નેતન્યાહૂ સાથે વાતચીત ઉપરાંત , શ્રી મોદી ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગને મળશે અને ઇઝરાયલ સંસદને સંબોધિત કરશે.

(બાઈટ -- J-P-SINGH, ISRAYAL)

તેમણે કહ્યું કે, જ્યારે પ્રધાનમંત્રી મોદીએ 2017માં ઇઝરાયલની મુલાકાત લીધી હતી, ત્યારે તેમણે શ્રી નેતન્યાહૂ સાથે મળીને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત રીતે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાના એક નવા તબક્કાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે , બંને પ્રધાનો વચ્ચેની વાતચીત બાદ અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEXICO -VIOLENCE

મેક્સિકોમાં, ડ્રગ માલિકની હત્યા બાદ જાલિસ્કોમાં બદલો લેવાની હિંસામાં નેશનલ ગાર્ડ લશ્કરી પોલીસના ઓછામાં ઓછા 25 સભ્યો માર્યા ગયા.

મેક્સીકન વિશેષ દળો દ્વારા પકડાયા પછી તરત જ , નેમેસિયો ઓસેગ્યુરા સર્વાન્ટેસ - જેને "એલ મેન્ચો" તરીકે ઓળખવામાં આવે છે તેનું ગઈકાલે પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું ત્યારથી ઓછામાં ઓછા 20 રાજ્યોમાં અશાંતિ ફાટી નીકળી છે.

અમેરિકાએ તેની માહિતી આપનાર માટે 15 મિલિયન ડોલરનું ઇનામ જાહેર કર્યું હતું. પશ્ચિમી રાજ્ય જાલિસ્કોના તાપલપા શહેરની બહાર જંગલવાળા વિસ્તારમાં મેક્સીકન વિશેષ દળો દ્વારા લશ્કરી કાર્યવાહીમાં ઘાયલ થયા બાદ તેનું હેલિકોપ્ટરમાં મૃત્યુ થયું હતું.

મેક્સિકોના સંરક્ષણ મંત્રાલય અનુસાર , મેક્સિકોએ સુરક્ષા વધારવા માટે દેશના પશ્ચિમમાં 2,500 સૈનિકો મોકલ્યા છે. જાલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ ( CJNG) મેક્સિકોમાં સૌથી ભયાનક ગુનાહિત સંગઠનોમાંનું એક છે અને ગઈકાલે મૃત્યુ પહેલાં તેનો નેતા મેક્સિકોનો મોસ્ટ વોન્ટેડ માણસ હતો. સુરક્ષા મંત્રી ઓમર ગાર્સિયા હાર્ફુચે પત્રકાર પરિષદમાં પત્રકારોને જણાવ્યું હતું કે આ હુમલાઓમાં 30 સભ્યો માર્યા ગયા હતા, તેમજ એક રાહદારી પણ માર્યો ગયો હતો. સાત રાજ્યોમાં ઓછામાં ઓછા 70 લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# CRICKET- T20

ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં , વેસ્ટ ઇન્ડીઝે ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે સુપર 8 ગ્રુપ 1 ના મુકાબલામાં ઝિમ્બાબ્વેને 107 રનથી હરાવ્યું.

વેસ્ટ ઇન્ડીઝ દ્વારા નિર્ધારિત 255 રનના લક્ષ્ય સામે, ઝિમ્બાબ્વે 17.4 ઓવરમાં ફક્ત 147 રન બનાવી શક્યું. આજે , ICC મેન્સ T20 વર્લ્ડ કપના સુપર 8 ગ્રુપ 2 ના મુકાબલામાં ઇંગ્લેન્ડ, પાકિસ્તાન સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે ,સુપ્રીમની લાલ આંખ પછી "વૉટ્સએપ" પ્રાઈવસીની શરતો માનશે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, ભારત ટેક્સી પર ડ્રાઈવરોની કમાણીનો બેઝ રેટ નક્કી થશે, 80% નફો પરત કરાશેઃ શાહ.
- સંદેશ અને નવગુજરાત સમયે લખ્યું છે કે , મેક્સિકોમાં ડ્રગ માફિયા અલ મેંચો , આર્મી ઓપરેશનમાં ઠાર, દેશભરમાં હિંસક તોફાનો.
- અને ફૂલછાબ લખે છે કે, રાજકોટમાં સૌરાષ્ટ્રના ઇતિહાસનું મેગા ડિમોલિશનઃ 1 હજાર 119 મકાનનો કડૂસલો.
- સ્થાનિક સમાચારોમાં , અમદાવાદ સહિત રાજ્યભરમાં કમોસમી વરસાદ , ભાવનગરના સખવદર ગામેથી પોલીસે 10.92 કરોડની અફીણ-ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો,
- ગુજરાતમાં IASની જગ્યા 313થી 328 કરાઇ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .